સુગમ્ય ભારત એપ્લીકેશન પરની ફરીયાદો માટે રાજ્યકક્ષાના નોડલ અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૪૭૧૬૯/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 1 APR 2021

પરિપત્ર:-

દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણના નિમાર્ણ માટે મિશન મોડમાં કાર્ય થઇ શકે તે માટે જનભાગીદારી હેતુ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા "Sugamya Bharat APP" લોન્ચ કરવામાં આવેલ છે. સુગમ્ય ભારત એપ પર થતી ફરિયાદોનો સંબંધિત અધિકારી દ્વારા સ્વીકાર અને યોગ્ય સમયમાં નિકાલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ફરિયાદોના યોગ્ય નિવારણ માટે અને ઉક્ત એપ પર મળતી ફરીયાદોના યોગ્ય નિરાકરણનુ અસરકારક મોનીટરીંગ થઇ શકે તે માટે રાજ્યકક્ષાના નોડલ અધિકારી નિમણૂંક કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે.

ભારત સરકાર દ્વારા તા.૦૨/૦૩/૨૦૨૧ના રોજ લોન્ચ કરવામાં આવેલ ક્રાઉડસોર્સીંગ મોબાઇલ એપ્લીકેશન "Sugamya Bharat APP" પર ગુજરાત રાજ્યની ફરીયાદોનો સક્ષમ નોડલ અધિકારી સ્વીકાર કરી એકનોલેઝમેંટ આપે અને સમય-મર્યાદામાં તેનો નિકાલ થાય તે માટે મોનીટરીંગ કરવાની કામગીરી માટે વિભાગ તરફથી નીચે દર્શાવેલ વિગતે નોડલ અધિકારીની નિમણૂંક કરવામાં આવે છે.

| નોડલ અધિકારીશ્રીનો હોદ્દો | સરનામું | ટેલિફોન નંબર, ઇ-મેલ |
|---|---|---|
| શ્રી વી.જે.રાજપુત<br>કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, ગુજરાત રાજ્ય | કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર | કચેરી નં : ૦૭૯-૨૩૨ ૫૬૭૪૬<br>મો.નં.:૯૯૭૮૪૦૬૯૮૪<br>ઇ-મેલ: commi-pwd@gujarat.gov.in |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારુ.

- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.